પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮૬ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઓસ્ટ્રેલિયા સીરીઝ પહેલા ધવન બહાર



ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ પાંચ વન ડે મેચની સીરીઝના પ્રથમ ત્રણ મુકાબલામાં ઓપનર શિખર ધવન નહી રમે. તેની પત્નિનું સ્વાસ્થ્ય સારૂ ન હોવાથી તેણે પ્રથમ ત્રણ મેચ માટે પોતાનુ નામ પરત ખેંચી લીધુ છે.

### તામિલનાડુ વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ નહી

એઆઈએડીએમકેમાંથી હાંકી કઢાયેલા દિનાકરણે તામિલનાડુ વિધાનસભામાં ફ્લોર ટેસ્ટની માંગ કરતી એક અરજી દાખલ કરી હતી. જેના પર સુનવણી કરતાં મદ્રાસ હાઈકોર્ટે કહ્યું છે કે ૨૦ સપ્ટેમ્બર પહેલા વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ નહી કરાય.

### રજનીકાંત નવી પાર્ટી શરૂ કરશે



જાણીતા અભિનેતા રજનીકાંત રાજકારણમાં સક્રિય થયા છે. તેઓ નવી પાર્ટી શરૂ કરી દક્ષિણના રાજકારણમાં પગ જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# ભારત-જાપાન વચ્ચે ૧૫ સમજૂતી કરાર



**મોદી-શિન્ઝો વચ્ચે મૈત્રી મજબૂત બની : ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ, કનેક્ટીવી, ઇન્વેસ્ટમેન્ટ, ઇકોનોમિક-કોમર્શિયલ, સિવિલ એવિએશન અને સાયન્સ એન્ડ ટેકનોલોજી સહિતના ક્ષેત્રોમાં કરાર**

અમદાવાદ, તા.૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાની વડાપ્રધાન શિન્ઝો અબેએ આજે ખુબ જ મહત્વપૂર્ણ અને સફળ દ્વિપક્ષીય મંત્રણા યોજી હતી. બંને નેતાઓ વચ્ચે યોજાયેલી આ બેઠકમાં વિવિધ પ્રશ્નો ઉપર ચર્ચા કરવામાં આવી હતી જેમાં આતંકવાદનો પણ સમાવેશ થાય છે. બંને વચ્ચે ચર્ચા કરવામાં આવ્યા બાદ સંયુક્ત નિવેદન પણ જારી કરવામાં આવ્યું હતું. મોદી અને અબેની ઉપસ્થિતિમાં ૧૫ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્ય હતા. સાથે સાથે સંયુક્ત નિવેદન પણ જારી કરાયું હતું. આજે સૌથી પહેલા હાઈસ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરાયું હતું ત્યારબાદ બેઠકોનો દોર શરૂ થયો હતો. અબે અને નરેન્દ્ર મોદી વચ્ચે મંત્રણા યોજાઈ હતી જેમાં બંને દેશોના સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવાની વાત કરવામાં આવી હતી. ભારત જાપાન વાર્ષિક સમિટ મહાત્મા મંદિરમાં યોજાઈ હતી જેમાં બંને દેશો અનેક મુદ્દા પર સહમત થયા હતા. ભારતના પ્રવાસે આવેલા જાપાનના વડાપ્રધાન શિન્ઝો અબે અને મોદીની ઉપસ્થિતિમાં આ તમામ સમજૂતિ કરવામાં આવી હતી. બંને દેશો વચ્ચે સાયન્સ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ઈન્ટરનેશનલ જોઈન્ટ એક્સચેંજ પ્રોગ્રામ શરૂ કરવા, જાપાનના એઆઈએસટી અને ભારતના ડીબીટી વચ્ચે જોઈન્ટ રિસર્ચ કોન્ટ્રાક્ટ શરૂ કરવા, ડીબીટી

● અનુસંધાન પાન-૭ પર

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટનુ ભૂમિ પુજન




**પાંચ જ વર્ષમાં ટ્રેન દોડતી થઈ જશે : ૧૦ કાર એન્જિન ટ્રેનમાં ૭૫૦ લોકો એક સાથે જ યાત્રા કરશે**

અમદાવાદ, તા.૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબેએ આજે ઐતિહાસિક અને મહાકાય મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનુ ભૂમિ પુજન કર્યુ હતું. આની સાથે જ દેશની વિકાસની યશકલગીમાં વધુ એક મોરપીછું ઉમેરાઈ ગયું હતું. ભારતીય રેલવેમાં પણ એક નવી ક્રાંતિ આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. આ પ્રોજેક્ટને ભૂમિ પૂજન બાદ વર્ષ ૨૦૨૨ સુધી પરિપૂર્ણ કરી લેવામાં આવશે અને વર્ષ ૨૦૨૨માં બુલેટ ટ્રેનને દોડતી કરી દેવામાં આવશે. ૫૦૮ કિલોમીટરના રુટના નિર્માણ પણ એક લાખ કરોડથી વધુની રકમ ખર્ચ થનાર છે. જ્યારે ભારતે સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ મનાવશે ત્યારે દેશની પ્રથમ બુલેટ ટ્રેન પણ પોતાની સીટી વગાડી દેશે. બુલેટ ટ્રેન ચલાવવા માટે ૧૪મી સપ્ટેમ્બરના દિવસે એટલે કે આજે શિલાન્યાસવિધિ પૂર્ણ કરી

● અનુસંધાન પાન-૭ પર

# 'જય જાપાન - જય ઈન્ડિયા'નો નારો આપતા જાપાનના વડાપ્રધાન શિન્ઝો

**શિન્ઝો મોદીને દૂરદર્શી ગણાવ્યા : મોદીની સાથે બેસીને મુંબઈથી અમદાવાદ બુલેટ ટ્રેનમાં આવવા માટે ઇચ્છુક**




અમદાવાદ, તા. ૧૪ જાપાનના વડાપ્રધાન શિન્જો અબે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે અમદાવદા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની આધારશીલા મુકી હતી. જાપાની વડાપ્રધાન આ પ્રસંગે સંબોધન કરીને તમામનું ધ્યાન ખેંચ્યું હતું. અબેએ હિન્દીમાં સંબોધન શરૂ કર્યું હતું. અબેએ ભારત અને જાપાન માટે એક નવો નારો આપ્યો હતો. તેઓએ જય જાપાન, જય ઈન્ડિયાનો નારો આપ્યો હતો અને કહ્યું હતું કે, આગળ પણ જાપાન ભારતની મદદ કરતું રહેશે. નમસ્કાર સાથે સંબોધનની શરૂઆત કરતા ભારતની ભારે પ્રશંસા કરી હતી. બંને દેશો વચ્ચે મિત્રતાની એક નવી શરૂઆત થઈ હોવાનો શિન્જોએ દાવો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, જાપાનના ૧૦૦થી પણ વધારે એન્જિનિયરો ભારત આવી ચુક્યા છે. દિનરાત એક કરીને ચર્ચા કરી રહ્યા છે. બંને દેશોના એન્જિનિયર સાથે મળીને કામ કરશે તો કોઈ કામ એવું નથી. જે શક્ય ન બની શકે. અબેએ સંબોધનની પૂર્ણાહૂતિ ધન્યવાદ સાથે કરી હતી. અબેએ ભારત અને જાપાનની મિત્રતાને એક દાખલા સમાન ગણાવીને કહ્યું હતું કે, જાપાન માટે જે અને ભારત માટે આઈ મળીને વિજય બની જાય છે. જય જાપાન જય ઈન્ડિયાને સાકાર કરવા બંને દેશો મળીને કામ કરશે. જાપાની વડાપ્રધાને મોદીને એક દુરદર્શી વ્યક્તિ તરીકે ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, ૧૦ વર્ષ પહેલા ભારતની સંસદને તેમને સંબોધવાની તક મળી હતી. તેમણે કહ્યું હતું કે જયારે આગામી વખતે ભારત આવ્યા ત્યારે શિનકાનસેનમાં બેસીને મોદીની સાથે અમદાવાદથી

● અનુસંધાન પાન-૭ પર

# અમરનાથ હુમલાનો ભેજાબાજ ઠાર

**અબુ ઇસ્માઇલ ઠાર કરવામાં પોલીસ-સુરક્ષા દળોને મોટી સફળતા : ચોક્કસ બાતમીના આધારે સફળ ઓપરેશન : તોઇબાના ખતરનાક ત્રાસવાદીની સાથે તેનો સાગરિત પણ ઠાર થયો**



શ્રીનગર,તા. ૧૪ સુરક્ષા દળોને આજે મોટી સફળતા હાથ લાગી હતી. ભીષણ અથડામણમાં અમરનાથ યાત્રી ઉપર કરવામાં આવેલા હુમલામાં માસ્ટર માઈન્ડ રહેલો કુખ્યાત ત્રાસવાદી અબુ ઈસ્માઈલ આજે ઠાર થયો હતો. કાશ્મીરમાં સક્રિય રહેલા તોઈબાના આ ત્રાસવાદી અબુ ઈસ્માઈલ દ્વારા જ અમરનાથ યાત્રીઓ ઉપર હુમલા માટેની ખતરનાક યોજના ઘડી કાઢવામાં આવી હતી. શ્રીનગરના પરા વિસ્તારમાં નવગામના આરીબાગ વિસ્તારમાં સુરક્ષા દળો સાથે અથડામણમાં આ ત્રાસવાદી ઠાર થયો હતો. તેની સાથે તેનો નજીકનો સાગરિત પણ ઠાર થયો હતો. જમ્મુ કાશ્મીરના પોલીસ અધિકારીઓના કહેવા મુજબ પોલીસ અને સુરક્ષા દળોની આ ખુબ મોટી સફળતા છે. અમરનાથ યાત્રા પર કરાયેલા હુમલામાં તે મુખ્ય ત્રાસવાદી તરીકે હતો જેમાં ગુજરાતના શ્રદ્ધાળુઓના મોત થયા હતા. છ મહિલા સહિત આઠ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. અન્ય ૨૬થી વધુ લોકો ઘાયલ થયા હતા. ત્રાસવાદીઓની ઉપસ્થિતિ અંગે માહિતી મળ્યા બાદ સમગ્ર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વિસ્તારને ઘેરી લઈને ઓપરેશન ચાલી રહ્યું હતું ત્યારે જ આ અથડામણ શરૂ થઈ હતી. ઠાર થયેલા બંને ત્રાસવાદીઓના મૃતદેહ હાથ લાગી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર


# ઓગસ્ટમાં હોલસેલ ફુગાવો ૩.૨ ટકા થયો : ૪ માસની ઉંચી સપાટી

**ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં ઉલ્લેખનીય વધારો નોંધાયો**

નવીદિલ્હી, તા. ૧૪ ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં એકાએક જંગી ઉછાળાના પરિણામ સ્વરુપે ઓગસ્ટ મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેકસ (ડબલ્યુપીઆઈ) ફુગાવો વધીને ૩.૨ ટકા સુધી પહોંચી ગયો છે જે જુલાઈ કરતા ખુબ વધારે છે. સત્તાવાર આંકડા આજે જારી કરવામાં આવ્યા હતા. વાણિજ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે, જુલાઈ મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવાનો વાર્ષિક દર ૧.૮૮ ટકા હતો જ્યારે ઓગસ્ટ ૨૦૧૬માં આ દર ૧.૦૯ ટકા હતો. ડબલ્યુપીઆઈ આધાર પર ફુગાવાનો વાર્ષિક દર ઓગસ્ટ ૨૦૧૭માં ૩.૨૪ ટકાનો રહ્યો છે. જે અગાઉના મહિનામાં ૧.૮૮ ટકા અને અગાઉના વર્ષમાં આજ

● અનુસંધાન પાન-૭ પર

**કાનની બહેરાશની અવગણના ન કરો**
ઘણું મોડું થાય એ પહેલા એની સારવાર કરો.



હાલની લેટેસ્ટ ટેકનોલોજીનાં ડીજીટલ હીયરીંગ મશીન પર એક કાનનાં મશીન સાથે બીજા કાનનું મશીન ફ્રી*..ફ્રી*..ફ્રી*

કેમ્પ તા. ૧૬ થી ૨૧
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
મો. 76984 00039

નિષ્ણાંત ઓડિયોલોજીસ્ટ દ્વારા કાનની બહેરાશની ફ્રી તપાસ તેમજ વોટરપ્રુફ, વાયરલેસ અને તમારા મોબાઈલથી કનેકટ થઈ જાય તેવા વિશ્વના એડવાન્સ ટેકનોલોજીવાળા યુરોપની કંપનીના હિયરીંગ મશીન પર ફ્રી ટ્રાયલ અને ફ્રી કન્સલ્ટન્સી

સરકારી કર્મચારી અને પેન્સનર માટે સરકારની રૂા 50000/- ની રીએમ્બર્સ યોજનાનો લાભ અને માર્ગદર્શન અને સ્પેશ્યલ ઓફર

યુરોપથી ટ્રેઈન થયેલા ઓડિયોલોજીસ્ટની ટીમ દ્વારા તપાસ

ANGEL SPEECH & HEARING CLINIC
H.O : G-3, અભિષેક, પલોટ નં.19, ફોર્ચ્યુન હવેલી હોટલની પાસે, સુમન ટાવરની પાછળ સેક્ટર-11, ગાંધીનગર
F-38/39, મુલ્કીભવન માર્કેટ, બસ સ્ટેશન પાસે, રાજમહલ રોડ, મહેસાણા
B-17, શ્રીદેવ કોમ્પલેક્ષ, પોસ્ટ ઓફિસની સામે, સ્ટેશન રોડ, પાટણ
પહેલો માળ, ત્રિભોવન કોમ્પલેક્ષ, એસ.ટી.બસ સ્ટેન્ડની બાજુમાં, જુની આંખની હોસ્પિટલની સામે, વિસનગર
252/1 બીજા માળે, એસ.બી એમ્પીયર સી.એ પિયુષ કંપની ની પાછળ, ટી.બી.રોડ, વિજાપુર
એક્સ-રે, હાઉસ, હરીહર ઈ.એન.ટી. હોસ્પિટલની નીચે, પટેલ ભુવનની પાછળ, કડી
F-43, મહાવીર કોમ્પલેક્ષ, એસ.ટી.બસ સ્ટેશનની પાછળ, માણસા

# યમુના નદીમાં નૌકા પલટી ખાતા ૨૦ના મોત

**બોટમાં ૬૪થી વધુ મુસાફરો હતા : હજુ સુધી ૧૫ના મૃતદેહો શોધવામાં સફળતા**

બાગપત,તા. ૧૪ ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લામાં યમુના નદીમાં નૌકા ઉંધી વળી જતા ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં લોકો ડુબી ગયા છે. અન્ય ડુબી ગયેલા લોકોને શોધી કાઢવાની કામગીરી ચાલી રહી છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આ નૌકામાં ૬૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. હજુ સુધી ૨૦ લોકોના મૃતદેહો હાથ લાગ્યા છે. બીજી બાજુ બાગપતના ડીએમે માહિતી આપતા કહ્યુ છે કે નૌકા દુર્ઘટનામાં હજુ સધી એક વ્યક્તિના મોતની માહિતી મળી છે. મોતને લઈને વિરોધાભાસી હેવાલ હજુ સુધી મળી રહ્યા છે. પોલીસે તમામ નિષ્ણાત લોકોનુ મદદ બચાવ કામગીરી માટે લીધી છે. નૌકા બનાવના કારણે ઘાયલ થયેલા અને બચાવી લેવામાં આવેલા તમામ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવ્યા છે.બાગપત જિલ્લા હોસ્પિટલમાં અને ગંભીર રીતે ઘાયલ લોકોને મેરઠ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે આ સમગ્ર બનાવ અંગે દુખ વ્યક્ત કર્યુ હતુ. સાથે સાથે વળતર આપવાની પણ જાહેરાત કરી હતી. બાગપત જિલ્લા હેડક્વાટર્સથી આશરે છ કિલોમીટરના અંતરે આ બનાવ બન્યો હતો. નૌકામાં વધારે પડતા લોકો હોવાના કારણે દુર્ઘટના સર્જાઇ હતી. મૃતકો પૈકી કેટલાકની ઓળખ કરી લેવામાં આવી છે. જેમાં તેજપાલ, રામપાલ, સુનિલ, નીરજ,

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય